## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જો... આ વખતે ઇકો ફ્રેન્ડલી પ્રતિમાનું સ્થાપન કર્યું છે... મીલ્ક અને ચોકલેટના... ખબરદાર જો બટકુ ભર્યું છે કે ચાટવા ગયો છે તો...!!

# સાઈ ગાંધીનગરની મહિલા વૉલીબોલ ટીમને રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ

### બેંગ્લુરુ ખાતે યોજાયેલ ઑલ ઈન્ડિયા ઈન્ટર સાઈ વૉલીબોલ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન : કિંજલ વાળાને બેસ્ટ એટેકર તથા ચેતના વાળાને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો ખિતાબ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની મહિલા વૉલીબોલ ટીમે બેંગ્લુર ખાતે યોજાયેલ ઑલ ઈન્ડિયા ઈન્ટર સાઈ વૉલીબોલ ટૂર્નામેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યુ છે. ઑલ ઈન્ડિયા ઈન્ટર સાઈ વૉલીબોલ ટૂર્નામેન્ટ તા. ૨૯મી ઓગષ્ટથી તા. ૧લી સપ્ટેમ્બર દરમ્યાન યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની બે ખેલાડીઓને વિશેષ સન્માન પણ પ્રાપ્ત થયું છે.

રાષ્ટ્રીયકક્ષાની આ વૉલીબોલ ટૂર્નામેન્ટ લીગ-કમ-નોકઆઉટ આધારે યોજાઈ હતી. જેમાં સમગ્ર દેશમાંથી કુલ ૭ મહિલા ટીમોએ ભાગ લીધો હતો. ગાંધીનગર સાઈની ટીમે ભોપાલને ૩-૦ થી, કોલકાતાને ૩-૦થી અને બેંગલુરુએ ૩-૨ થી સીધા સેટોમાં હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમીફાઈનલમાં ચંદીગઢની ટીમને પણ ૩-૦થી હરાવી ફાઈનલમાં કેરાલાની ટીમ સાથે ટકરાઈ હતી. ફાઈનલ મેચમાં ગાંધીનગરની ટીમનો ૨-૩ થી પરાજય થતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. જો કે ગાંધીનગર સાઈની ટીમની કિંજલ વાળાને "બેસ્ટ એટેકર" તથા ચેતના વાળાને "મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ"નો ખિતાબ એનાયત કરાયો હતો. અત્રએ ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની મહિલા વૉલીબોલ ટીમને કોચ અમિતા દ્વારા પ્રશિક્ષિત કરાઈ છે. તમામ ખેલાડીઓને સાઈના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ તથા અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા છે.




## ખૂણે ખાંચરેથી...

● આજે જિલ્લાના ૧૨ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન પ્રભારી મંત્રી નિર્મલા વાઘવાણી, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈના હસ્તે થશે.

● આજે ગણેશ ચતુર્થીનો ઉત્સવ હોવાથી લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમજ ઘરે પણ ગણેશ તેડનારા ભક્તોની સંખ્યા શહેરમાં મોટી છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોમાં સતત વધારો થઈ રહ્યો છે.

● રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધો. ૫માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃત્તિ આપવાની યોજના અંગેના ફોર્મનું વિતરણ ૭મી સપ્ટેમ્બરથી શરૂ થશે.

● સે. ૨૨માં સાર્વ. ગણેશોત્સવ સમિતિ દ્વારા ચોમાસાને નજરમાં રાખી પ્લાસ્ટીક સાથેનો મંડપ બાંધવામાં આવ્યો છે.

● રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી આજે શિક્ષકોનો એવોર્ડ વિતરણ સમારોહ સંપન્ન થયા પછી બાયસેગની મદદથી શાળઆના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કે પ્રશ્નોત્તરી નહિ કરે.

● ઝેવિયર્સ-૭૯ બેચના વિદ્યાર્થીઓની આજે એક બેઠક પંચદેવ મંદિર ખાતે મળી હતી.

● ગાંધીનગર શહેરમાં હવે ફ્રેન્ચવેલમાંથી નર્મદા ઉપરાંત પણ પાણી પુરવઠો મેળવી આપવાનો શરૂ કરાયો છે.

## પાવન પર્યુષણ (આઠમો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### સંવત્સરીનું મુલ્ય અમુલ્ય છે

આજની વ્યાપારી માનસિકતા ધરાવતી જનતા કોઈપણ વસ્તુનું મુલ્ય વિચારે છે અને પુછે છે. જૈન પર્વ સંવત્સરી સંદર્ભે પણ આ બાબતે વિચારણા કરી શકાય સંવત્સરીના દિવસે જૈન ધર્મીઓમાં હજારો લોકો પૌષધ વ્રત કરે છે. આ પૌષધમાં વાહનનો ઉપયોગ કરવાનો સંપુર્ણ ત્યાગ હોય છે. એટલે કે ઓઝોનના પડદાને ચીરી નાખતા ધુમાડાના ગોટા ઉડાડવામાં ધરખમ ઘટાડો થાય છે.


પૌષધમાં સ્નાન કરવાનું હોતુ નથી પાણીની સમસ્યાની બુમરાડ ઓછી કરવાનું આ પ્રતિકારક પગલું જાહેર જનતા ગણી શકે. પૌષધમાં ધર્મ સ્થાનની બહાર જવાનું હોતુ નથી અને ગુરૂની આજ્ઞા મુજબ જીવન




જીવવાનું હોય છે તે સ્થિરતા અને કહ્યાગરાપણું જેવા ગુણોના વિકાસની પ્રથમ પગધાર આ નિયમો બને છે. પૌષધમાં નાનામાં નાના જંતુની દયા પાળવાની હોય છે તે માટે નીચે જોઈને ચાલવું, બોલતી વખતે મોઢે મુપતિ રાખવાનું જરૂરી હોય છે અરે પૌષધમાં જ્યાં પણ ફરવાનું હોય તો એ બધું જ ઈકો ફ્રેન્ડલી પર્યાવરણનું જતન કરવામાં સહાયક બને છે અને જે દેશને કે વિશ્વની વ્યાપક સૃષ્ટિ માટે નુકશાનકારક છે એ છોડવાનું હોય છે જો કે જેનો પૌષધ વ્રત માત્ર આવા સ્થુળ ઉદ્દેશથી નહિ પણ આત્મ કલ્યાણના પવિત્ર ઉદ્દેશથી કરે છે. આત્મા છે જ આત્માપર રાગદ્વેશ મોહ જેવા દુર્ગુણોના કારણે કર્મો પણ બનેલા છે અને ધર્મની આરાધનાથી એ દુર પણ થાય છે જ સમજદાર જૈનો કદિ પણ ગચ્છજાતની માથાકુટોમાં પડતા નથી. સમજદાર જૈનો માત્ર આત્મકલ્યાણ અર્થે યથાશક્તિ ધર્મસાધના કરતા હોય છે.

સંવત્સરીના દિવસે ખાસ કરીને બારસો સુત્રનું શ્રવણ કરવાનું હોય છે. બારસો શ્લોક પ્રમાણ આ ધર્મ ગ્રંથ કલ્પસુત્રોનું મુળ સ્વરૂપ જ છે. સધર્મા ગાદીભાષામાં શ્રીભદ્રબાહુ સ્વામીનું નામન જૈનાચાર્યશ્રી દ્વારા રચિત આ ગ્રંથનું શ્રમણ મહત્તમ સંખ્યામાં જૈન સમુદાય કરે છે. આ ઉપરાંત સાંજે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું હોય છે. ગણધર ભગવંતો રચિત ધર્મ સુત્રોનું ઉચ્ચારણ અને તે મુજબની વિધી કરવાનું આ પવિત્ર અનુષ્ઠાન વિશ્વભરના તમામ જૈનો આચરે છે. આ પ્રતિક્રમણ પુર્ણ શ્રદ્ધાપુર્વક કરનારા વ્યક્તિના વર્ષભરના પાપો મહંદઅંશે નષ્ટ થાય છે. સંવત્સરીના પ્રસંગને પામીને જિઅન દેરાસરોમાં પણ વિશેષ રૂપે સુશોભન ઠાઠ જોવા મળે છે. ભક્તિ ભાવના ઉપાસના પણ શ્રેષ્ઠ કક્ષાની થાય છે.

આવા પૌષધના કારણે વ્યક્તિમાં ધર્મની લાગણીઓ દઢ બને છે અને ધર્મિષ્ઠ વ્યક્તિઓમાં પ્રગટેલી દયા પરોપકાર નિશ્વાર્થ ભાવના વગેરેથી જ જગતમાં ગરીબો જરૂરીયાતમંદોના જીવનમાં અજવાળુ પ્રગટે છે એટલે વિશ્વની હાસ્યામાં ધકેલાયી ગયેલી પ્રજામાં સમાજ જે કાંઈ પણ થોડુ ઘણુ સતધર્મ કરે છે તેનો ધ્રમનો મહત્તમ ફાળો છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.



દેવાશ્રી ગણેશા... ગણેશોત્સવ આવતાં જ ગણેશજીની વિવિધ મૂર્તિઓ અને કલાકૃતિઓના દર્શન થઈ જાય છે. ચાંદખેડાના મુકેશ પંડ્યાએ પેપર આર્ટ દ્વારા લાડવો બનાવ્યો છે. જેની ઉપર હાથથી બનાવેલા ૬૦ જેટલા નાના ગણપતિને ચોંટાડીને સુંદર કલાકૃતિ બનાવી છે. તેમની આ કલાકૃતિને ખુબજ સરાહના મળી રહી છે.

## સેકટર-૩/એ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ

ગાંધનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ સિધ્ધી વિનાયક મિત્ર મંડળ દ્વારા સાર્વજનિક મિત્ર મંડળ ગણેશ મહોત્સવનું આયોજન ઘ-૧ વગડાવાળી માતાજી મંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું છે. આ પાંચ દિવસીય મહોત્સવમાં સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. સવાર-સાંજ આરતી તેમજ વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા મિત્ર મંડળના સભ્યો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે,

ગાંધીનગર શહેરમાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વકની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં વિવિધ સ્થળોએ ગણેશ મહોત્સવને પગલે શહેરમાં અનેરો ધાર્મિક માહોલ જામ્યો છે. શહેરના સેકટર- એ સિધ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા તા.૫ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવાર તેમજ સાંજના ૮ કલાકે આરતી, જયારે તા.૫ ના રોજ સવારે ૮ કલાકે ભવ્ય શોભાયાત્રા યોજાશે, ત્યારબાદ બપોરે ૩ કલાકે સ્થાપના વિધી, રાત્રે ૮ કલાકે આરતી તેમજ રાત્રે ૯ કલાકે નાના બાળકો દ્વારા ડાન્સનો કાર્યક્રમ, તા.૬ ના રોજ રાત્રે ૯ કલાકે રાસગરબાની રમઝટ જામશે, તા.૭ ના રોજ નાટકનો શો રાત્રે ૯ કલાકે યોજાશે, તા.૮ ના રોજ રાત્રે ૯ કલાકે જાદુગરનો શો યોજાશે. જયારે તા.૯ ના રોજ બપોરે ૨ કલાકે વિસર્જનયાત્રા નીકળશે. આ સાર્વજનિક ગણેશ મહોત્સવમાં સેકટર રહેતા ભાઈ બહેનો તેમજ શહેરના સૌ ભકતોને પધારવા મિત્ર મંડળના અનિરુધ્ધસિંહ ચાવડા, જીતેષ ટેલર, કેસરસિંહ ઝાલા, મનિષ પરમાર, વિજય સોલંકી, મુકેશ મારુ, અનિલ ચાવડા અશ્વિન સુહાને અનુરોધ કર્યો છે. જયારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## સે.૧ સરદાર પટેલ ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન

ગાંધીનગર શહેરના સેકટર-૧ ખાતે સરદાર પટેલ ગ્રુપ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન તા.૫ થી ૯ દરમિયાન પ્લોટ નં- ૨૮૦-૧ ખાતે કરવામાં આવ્યું છે. પાંચ દિવસીય ગણેશ ઉત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાત્રે ૮.૩૦ કલાકે આરતી થશે તેમ ગણેશ મહોત્સવ સમિતિના સભ્યોએ જણાવ્યુંછે. સેકટર-૧ વસાહતી ભાઈ બહેનો તેમજ મિત્ર મંડળ-શહેરના સૌ ભકતોને મહોત્સવનો લાભ લેવા ગણેશ મહોત્સવ સમિતિના સભ્યોએ અનુરોધ કર્યો છે.

# જંતુનાશક દવાના ઘેનથી ખેડુતનું મોત

### સોનીપુર ગામના ખેડુત કપાસના ખેતરમાં દવા છાંટતી વખતે દવાની અસરથી બે ભાન થઈ ઢળી પડ્યા હતા, ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન ખેડુતનું મૃત્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા સોનીપુર ગામના ખેડુત પોતાના ખેતરમાં વાવેતર કરેલા કપાસના પાકમાં ઝંતુનાશક દવાનો છંટકાવ કરી રહ્યા હતા તે દરમિયાન દવાની અસર થતા ખેડુત અચનાક ઢળી પડ્યા હતા. ખેડુતને તાત્કાલીક ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયા સારવાર દરમ્યાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા સોનીપુર ગામના ખેડુત બાબુભાઈ લલાભાઈ રાવળ ઉં-૫૦ કપાસના ખેતરમાં સવારના અંદાજીત ૧૦ વાગ્યાના અરસામાં દવાનો છંટકાવ કરી રહ્યા હતા તે દરમિયાન તેઓને ઝેરી જંતુનાશક દવાની અસર થતા તેઓ ખેતરમાં અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારના સભ્યો દ્વારા બાબુભાઈને ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બપોરના સુમારે તેઓનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે ખેડુતના અચાનક મૃત્યુંથી સોનીપુર ગામ તેમજ પરિવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# 'હાઈકમાન્ડ'ના ઈશારે સરકાર અને પાર્ટી સંગઠનમાં ફેરબદલના સંકેત

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકાર અને ભાજપના પ્રદેશ સંગઠનમાં હાઈકમાન્ડના ઈશારે ફેરબદલ થવાની શક્યતા વધી જાય છે. જ્યારે જ્યારે અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવે છે ત્યારે ત્યારે બન્નેમાં ફેરબદલ થાય છે. વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીની ગુજરાતની છઠ્ઠી મુલાકાત હતી અને મોદીએ જ એવો વિશ્વાસ આપ્યો છે કે 'હું હવે ગુજરાતમાં વારંવાર આવવાનો છું.' મોદીનો આ ગર્ભિત ઈશારો વિધાનસભાની ચૂંટણીનો ભય બતાવી જાય છે. આનંદીબહેન પટેલની બે વર્ષની સરકારમાં પાર્ટીને મોટું ડેમેજ થયું છે તેવો જાહેરમાં સ્વિકાર કરવામાં આવતો નથી પરંતુ પાર્ટીની ઈનટરનલ બેઠકમાં એવો રિપોર્ટ છે કે ભાજપે ગુજરાતની જનતાને વધુને વધુ આપવું પડશે. સરકારમાં બોર્ડ-કોર્પોરેશનમાં પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યોને સમાવવા ઉપરાંત પાર્ટી પ્રેસિડેન્ટ જીતુ વાઘાણની ટીમમાં નવા ચહેરાને સ્થાન અપાશે. એવું માનવામાં આવે છે કે ભાજપની યુવા ટીમ વિધાનસભાનું નેતૃત્વ કરશે.

**● ૨૦૧૭ કબજે કરે તો ૨૦૧૯માં મોદી સલામત...**

ગુજરાતની વિધાનસભાની ડિસેમ્બર ૨૦૧૭માં આવી રહેલી ચૂંટણીમાં મોદી ગુજરાતની બાજી હાથમાં લેશે તેવા સંકેતોના પગલે દર મહિને ગુજરાત સરકાર એક મહત્વની જાહેરાત કરે તેવું નક્કી થયું છે. ગુજરાતમાં જો ભાજપને ચૂંટણીમાં પછડાટ મળે તો ૨૦૧૯માં આવતી લોકસભાની ચૂંટણીમાં મોદીને ભારે નુકશાન થઈ શકે છે, એટલું જ નહી, ઉત્તરપ્રદેશ સહિત દેશના ૧૫ રાજ્યોમાં ૨૦૧૭ થી ૨૦૧૯ દરમ્યાન યોજનારી ચૂંટણી ઉપર પ્રતિકૂળ અસર પડે તેમ છે, તેથી મોદી માટે મિશન ગુજરાત ૨૦૧૭ અસ્તિત્વનો સવાલ છે. આ સમયમાં ભારતના રાષ્ટ્રપતિની પણ ચૂંટણી થવાની છે. ભાજપે આ રાજ્યોની ચૂંટણીને ધ્યાનમાં લેતાં વિરોધી પાર્ટીના નેતાઓ ઉપર વોચ રાખવાની શરૂ કરી દીધી છે તેથી વિપક્ષોએ સાવધ થવાની જરૂર છે. બિન ભાજપી રાજ્યો કે જ્યાં હવે પછી ચૂંટણી થવાની છે ત્યાં સીડી કાંડ, ભ્રષ્ટાચારની ફાઈલો તેમજ અનિયમિતતાઓ જ્યાં ચાલતી હોય ત્યાં ભાજપના નેતાઓ પહોંચી રહ્યાં છે.

**● પ્રોજેક્ટ માટે વેલ્યુ કેપ્ચર ફાયનાન્સિગ જરૂરી...**

દેશમાં હવે કોઈપણ નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે વેલ્યુ કેપ્ચર ફાઈનાન્સિંગ (VCF) પર ભાર મુકવામાં આવશે. કેન્દ્ર સરકારે દેશની પહેલી VCF પોલિસીને આખરી સ્વરૂપ આપી દીધું છે. આ પોલિસીથી સરકારને એ ફાયદો થશે કે, પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરેલા રોકાણોથી ખાનગી જમીનમાલિકોને જે લાભ થશે તેનો કેટલોક હિસ્સો સરકારને પણ મળશે. સરકાર પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે મોટા પાયે રોકાણ કરે છે, જેના પરિણામે સંબંધિત વિસ્તારોમાં ઝડપી આર્થિક વિકાસ થાય છે અને જમીનના ભાવોમાં પણ વધારો થાય છે, ત્યારે વેલ્યુ કેપ્ચર ફાઈનાન્સિંગ પોલિસી પ્રમાણે આ વિસ્તારોના આર્થિક વિકાસથી ખાનગી જમીનમાલિકોને જે ફાયદો થાય તેનો કેટલોક હિસ્સો સરકારને પણ મળવો જોઈએ.

**● બનાસ ડેરીનું ટર્નઓવર ૭૦૦૦ કરોડ...**

બનાસકાંઠા જિલ્લાની વસમી ભૌગોલિક તાસીર અને નપાણિયા પ્રદેશ વચ્ચે પણ દૂધ ઉત્પાદનમાં એશિયામાં નંબર વન તરીકે બનાસ ડેરી વરસે ૭ હજાર કરોડનું ટર્ન ઓવર કરે છે. હાલમાં રોજના ૩૮ લાખ લિટર આસપાસ દૂધની આવક છે તે સિઝનમાં રોજના ૫૦ લાખ લિટર સુધી પહોચ્યુંછે. માસિક ૨૫૦થી ૩૫૦ કરોડ રૂપિયાના ચુકવણાંથી બનાસકાંઠાનું ગ્રામ્ય અર્થતંત્ર રીતસર દૂધના આધારે નભે છે.

**ટ્વિટર ફોલોઅર્સ ધરાવવામાં આનંદીબહેન હજી નંબરવનના સ્થાને | વપરાયેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ભંગારમાં ૩૦૦ ટન ગોલ્ડ છે**

સમગ્ર એશિયામાં દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગમાં નંબર વન ઉપર પહોંચેલી બનાસ ડેરીનો વિકાસ એ એક સ્ટડી કેસ જેવો છે. વરસાદની કાયમી અછત, સિંચાઈના અભાવ વાળી ખેતી, એક તરફ રણ અને બીજી તરફ અરવલ્લીના ડુંગરાઓ વચ્ચે પણ બનાસ ડેરીના સ્થાપકો અને ઉત્તરોત્તરના વહીવટકર્તાઓની કોઠા સૂઝથી આજે બનાસ ડેરી વરસે ૭ હજાર કરોડનું ટર્ન ઓવર કરે છે.

**● કઠોળના ભાવ કુદરતી રીતે કાબૂમાં આવશે...**

મોંઘવારીનો માર વેઠી રહેલી પ્રજા માટે એક રાહતના સમાચાર છે. ચાલુ વર્ષે ચોમાસું સારું રહેવાથી ખરીફ કઠોળના વાવેતર વિસ્તારમાં ૩૩ ટકાનો વધારો થયો છે અને દેશમાં ૧૪.૨ મિલિયન હેક્ટરમાં ખરીફ કઠોળની વાવણી થઈ છે. તેના પગલે ખાદ્યાન્નમાં ઉત્પાદનમાં વધારો થવાથી આગામી મહિનાઓમાં તેની કિંમતમાં ઘટાડો થવાની પ્રબળ શક્યતા છે. સરકારને પાક વર્ષ ૨૦૧૬-૧૭ (જુલાઈ-જૂન)માં કઠોળનું ઉત્પાદન વધીને ૨૦ મિલિયન ટન થવાની અપેક્ષા છે, જે ગયા વર્ષે ૧૬.૪૭ મિલિયન ટન થયુંહતું. કૃષિ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક આંધ્રપ્રદેશ, ગુજરાત અને ઝારખંડમાં ખરીફ કઠોળના વાવેતર વિસ્તારમાં સૌથી વધુ વધારો થયો છે.

**● ઘોડા છૂટા મૂક્યા પછી તબેલાને તાળાં...**

સરકારનું મન કેવું છે તે ભારત સંચાર નિગમ લિમિટેડની યોજનાથી કળી શકાય છે. ઘોડા છૂટા મૂક્યા પછી તબેલાને તાળાં મારવા જેવો ઘાટ છે. પ્રાઈવેટ કંપનીઓને કમાઈ લેવાની છૂટ આપ્યા પછી કેન્દ્ર સરકાર તેના જાહેર સાહસ બીએસએનએસની સસ્તી સ્કીમો જાહેર કરે છે. બ્રોડબેન્ડમાં દેશમાં નંબર વન નેટવર્ક ધરાવતું આ સાહલ માત્ર ૧ રૂપિયામાં ૧ જીબીનો બ્રોડબેન્ડ ડેટા આપશે અને તે પણ વાયરલેસ નેટવર્ક દ્વારા અને અનલિમિટેડ...જો ગ્રાહક ૩૦૦ જીબી ડેટા પ્રતિ માસ ઉપયોગ કરે છે તો આ પ્લાનના કારણે માત્ર એક રૂપિયામાં એક જીબી ડાઉનલોડ કરી શકશે. કંપનીને એવી આશા છે કે વાયરલેસ બ્રોડબેન્ડ તેના ગ્રાહકોને વધારે મદદરૂપ થશે. બીબી ૨૪૯ નામના આ પ્લાનમાં ગ્રાહકોને સૌથી મોટો ફાયદો થવાની ધારણા છે.

**● બ્લેકમની ડિસ્કલોઝર- ગુજરાત ટોપ ફાઇવમાં...**

સુરતમાંથી લગભગ ૨૨૫ કરોડનું કાળું નાણું બહાર આવવા સાથે ગુજરાત ટોપ ફાઈવમાં પહોંચ્યુ હોવા છતાં બોર્ડના ઉચ્ચ અધિકારીઓએ ગુજરાતના આવકવેરા અધિકારીઓને એક મહિનામાં બમણું જોર લગાડવા સૂચના આપી છે. સર્ચ અને સરવે કરવા આડકતરી સૂચના અપાઈ છે. જેથી આગામી એક મહિનો તપાસનો ધમધમાટ ચાલે તેવી શક્યતા જોવાઈ રહી છે. દેશમાં કુલ ૧૮ સેન્ટરમાં પંદર દિવસ અગાઉ ગુજરાત લાસ્ટ ફાઈવમાં હતું, પરંતુ સુરતમાં બે બિલ્ડર અને બે હીરાની પેઢીઓના મોટા ડિસ્કલોઝરના પગલે ગુજરાત ટોપ ફાઈવમાં પહોંચ્યું છે. છેલ્લાં ત્રણ મહિનામાં સુરતમાં ૫૦ થી વધુ કરદાતાએ લગભગ ૨૨૫ કરોડની સ્વૈચ્છિક કબૂલાત કરી છે. ટોચ પર દિલ્હી અને ત્યાર બાદ વેસ્ટ યુપી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે દેશની આર્થિક રાજધાની મુંબઈ સાતમા ક્રમે છે.

**● વપરાઇ ગયેલા જૂના ગેઝેટ્સ સોનું આપશે...**

દુનિયામાં કુલ સોનાનો સાત ટકા ભાગ ઈલેક્ટ્રોનિક્સમાં જાય છે. જૂના વપરાયેલા મોબાઈલ, ટીવી સેટ, કોમ્પ્યુટર, પેડ અને વિવિધ ગેઝેટ્સમાં સોનું છે અને તેને કાઢવાની રાસાયણિક પદ્ધતિ વિકસાવવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક આઈટમોમાં જે સરકીટ બને છે તેમાં સોનાની માત્રા જોવા મળતી હોય છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણોની મદદથી તેને કાઢવાનું શરૂ કરવામાં આવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે જૂના ઉપકરણોમાંથી ૩૦૦ ટન સોનું બચાવી શકાશે. ઈ-વેસ્ટના સંશોધકોનું માનવું છે કે આ સોનાની મદદથી લોકોની આર્થિક સ્થિતિ તેમજ સામાજીક સ્થિતિ સુધારી શકાય તેમ છે. સરકાર આ સંશોધન અંગે અભ્યાસ કરી રહી છે.

**● આનંદીબહેન ટ્વિટર ફોલઅર્સમાં નંબર વન...**

ગુજરાત પ્રદેશના રાજકીય નેતાઓમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ ટ્વિટર એકાઉન્ટના ફોલોઅર્સમાં સૌથી આગળ છે. હાલના મુખ્યમંત્રી આભાર - નિહારીકા રવિયા વિજય રૂપાણી કરતાં અનેકગણા વધુ ફોસોઅર્સ આનંદીબહેન પટેલ ધરાવે છે. ગુજરાતના નેતાઓના ટ્વિટર ફોલોઅર્સના આંકડા જોઈએ તો આનંદીબહેન પટેલ ૪૬૪ K ફોલોઅર્સ સાથે નંબરવન છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી પાસે હાલ ૩૩ K નો આંકડો છે. ત્રીજાક્રમે ૨૬.૯ K સાથે શંકર ચૌધરીનો નંબર આ છે. એ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ પાસે ૭૩૮૭, ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ પાસે ૨૮૬૬ અને હાલના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પાસે ૪૭૩૨ ફોલોઅર્સ છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓમાં અર્જુન મોઢવાડિયા ટોચક્રમે છે. તેઓ ટ્વિટર પર ૧૬.૧ K ફોલોઅર્સ ધરાવે છે. કોંગ્રેસના બીજા નેતા અને રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ પાસે ૯૮૪૮, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી પાસે ૧૮૬૭ અને શંકરસિંહ વાધેલા તો હજી એક હજાર ફોલોઅર્સ સુધી પહોંચ્યા નથી.

## ૨૦૧૭માં ગુજરાત મળે તો ૨૦૧૯માં મોદીની દિલ્હીની ગાદી સલામત